# થોડીક કાળજી કાળઝાળ ગરમીથી સુરક્ષા આપશે

**શરીરમાં પાણીનું પ્રમાણ ઓછુ ન થવા દેવુ જોઈએ**
**ખાણી-પીણી પર પણ ખાસ ધ્યાન આપવુ જરૂરી**
**જાહેર પરબોની સંખ્યા વધારવી જોઈએ**

ગાંધીનગર, તા. ૨૧

કર્ણાટકની ચૂંટણી અને તે પછી ચાલી રહેલી રાજકીય ગતિવિધિઓની ગરમાગરમી વચ્ચે ગુજરાતમાં કુદરતનો મિજાજ આકરો બન્યો છે. છેલ્લા પંદર દિવસથી સમગ્ર

**સમયસર**

ગુજરાતમાં કાળઝાળ ગરમી પડી રહી છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૪૧ થી ૪૫ ડિગ્રી કે તેનાથી વધુ રહ્યુ છે. આવી કાળઝાળ ગરમીમાં હીટસ્ટ્રોકના બનાવો વધી રહ્યા છે. ત્યારે ગરમીથી બચવાના શક્ય એટલા પ્રયાસો કરવા જોઈએ. ઠેર ઠેર પાણીની પરબો શરૂ કરવી જોઈએ તથા પ્રાણીઓ-પંખીઓ માટે પણ પાણીની વ્યવસ્થા કરી શકાય.

છેલ્લા પંદર દિવસથી ગાંધીનગરમાં જ મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીથી વધુ રહ્યુ છે. ઘરની બહાર નીકળવુ દુષ્કર થઈ પડ્યુ છે. તેમ છતાં નોકરી કરતાં, વેપાર કરતા, ચીજવસ્તુઓની ફેરી કરતા તથા મજૂરી કરતા વર્ગને અનિવાર્યપણે બહાર નીકળવુ જ પડે છે. આ ઉપરાંત અભ્યાસાર્થે અથવા અનિવાર્ય સામાજિક કારણોસર બાળકો અને મહિલાઓને પણ ઘરની બહાર નીકળવુ પડે છે. હાલમાં જે પ્રકારની ગરમી અને તડકો પડી રહ્યો છે તે તમામ માટે હાનિકારક બની રહ્યો છે. હીટસ્ટ્રોકના બનાવો વધી રહ્યા છે. જે ક્યારેક જાનલેવા પુરવાર થાય છે. કાળઝાળ ગરમીથી બચવાનો એકમાત્ર આસાન તરીકો પાણી છે. પાણી ગરમીથી બચાવી શકે છે. આથી ઠેર ઠેર પાણીની પરબો શરૂ થવી જરૂરી છે.

સેવાભાવી સંસ્થાઓ, નગરના પ્રતિનિધિઓ આ કામ ઉપાડી લે તો કંઈ કેટલાયના આશિર્વાદ મળી શકે તેમ છે. ચૂંટાયેલા સદસ્યો પોતાની ગ્રાન્ટમાંથી જેમ ઠેર ઠેર બાંકડા મુકાવે છે તેમ એક-દોઢ માસ માટે પાણીની પરબો ન શરૂ કરી શકાય... હવે તો પાણીની કેરબા પહોંચાડતી એજન્સીઓ હોઈ પરબોમાં પાણી પહોંચાડવાની જફા પણ થતી નથી. દર અડધા કિલોમીટરે આવી પરબો શરૂ કરી ઠંડા પાણીની સેવા કરી શકાય. આવી જ રીતે ઠેર ઠેર પશુ-પંખીઓ માટે પણ પાણીની વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

ગાંધીનગર આમ તો ગ્રીનસીટી કહેવાય છે પરંતુ વિકાસના નામે અહીં છેલ્લા કેટલાય સમયથી વૃક્ષો ખુબ કપાયા છે. વૃક્ષારોપણની ઝુંબેશને હવે વધુ અસરકારક બનાવવી જોઈએ. લીમડો, વડ, પીપળો, સપ્તપર્ણી, ગરમાળો, ગુલમહોર જેવા વૃક્ષો વધુને વધુ વાવવા જોઈએ. વન વિભાગ પાસે ગાંધીનગરમાં એવા ઘણાં ખાલી પ્લોટ છે જ્યાં વૃક્ષારોપણ કરી શકાય.

ખાણી-પીણીમાં થોડોક ફેરફાર લાવી ગરમીથી રક્ષણ આપતા પીણાંનો ઉપયોગ વધારવો જોઈએ. કાળી દ્રાક્ષ, વરિયાળી, ધાણા અને થોડી ખસખસ ઉમેરીને ખડી સાકરની ચાસણીથી બનાવેલુ શરબત પીવુ. કેરી, ટેટી, તરબૂચ, ફાલસા રાયણ, ગોરસઆમલી જેવા ફળ ખાવા, સુગંધી વાળી

● અનુસંધાન પાન-૭ પર



કાળઝાળ ગરમી - ૧૫-૧૫ દિવસથી થતી અગનવર્ષા હજુ થંભવાનું નામ નથી લેતી... ૪૧-૪૨થી ઉપરની ડિગ્રીવાળા તાપમાનમાં બહાર નિકળવું અઘરુ બની જાય છે... દેહ દઝાડતી ગરમીથી બચવા દુપટ્ટો, ટોપી, મોજા, રૂમાલ અને ગોગલ્સનો સહારો લેવો પડે છે... શહેરમાં આવા દ્દશ્યો ઠેર-ઠેર જોવા મળે છે... શાળા-કૉલેજમાં અભ્યાસ માટે વિદ્યાર્થીઓને તો નાછૂટકે આકરા તાપમાં બહાર નિકળવું પડતું હોય છે... એટલે ગરમીથી બચવા આવા હાથવગા ઉપાયો અજમાવી લેતા વિદ્યાર્થીઓ ઘર કે શાળા ભણી જતા જોવા મળે છે....

# જિલ્લાના ૧ હજાર વિદ્યાર્થીઓ જળસંચય અભિયાનમાં જાડાશે

**એનએસએસના વિદ્યાર્થીઓ પેથાપુર , માણસા , દહેગામ અને કલોલ વિસ્તારમાં સ્થાનિકોને પાણીનો વેડફાટ અટકાવવા અંગે સમજ આપશે**

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગર જિલ્લાની શાળાઓમાં એન એન એસ ની પ્રવૃતિ સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓને જળસંચય અભિયાનમાં જોડવાનો નવતર પ્રયોગ હાથ ધરાશે. જિલ્લાની ૨૦ શાળાઓના ૧ હજાર જેટલા વિદ્યાર્થીઓ માણસા , કલોલ દહેગામ અને પેથાપુર વિસ્તારમાં ફરીને ગ્રામજનો તેમજ સ્થાનિકોને જળસંચય તેમજ પાણીનો વેટફાટ અટકાવવા માટે જાગૃતિ કેળવવા પ્રયાસ કરશે.

ગાંધીનગર જિલ્લામાં સુજલામ સુફલામ જળસંચય અભિયાન હાથ ધરાયુ છે. જળ એ જ જીવનના અભિગમને બળવત્તર બનાવવા તેમજ પાણીનો બગાડ ન થાય અને જળસ્રોત ઉંચા આવે તે માટે આ નવતર અભિગમને વધુ મજબુત બનાવવા પ્રયાસ કરવામાં આવી રહયો છે. જયારે આ અભિયાન અન્વયે તળાવો ઉંડા કરવાની વિશેષ કામગીરી પણ જિલ્લામાં હાથ ધરવામાં આવી છે. વહીવટી તંત્રની ટીમ આ જળસંચય યોજનાની કામગીરીને વેગ આપવા કામે લાગી છે. ત્યારે જિલ્લામાં જળસંચય યોજનાને વેગ આપવા માટે હવે વિદ્યાર્થીઓને પણ જોડવામાં આવ્યા છે. જિલ્લા શિક્ષણતંત્રના જણાંવ્યા મુજબ જિલ્લાની ૨૦ શાળાઓમાં એન એસ એસ ની પ્રવૃતિ સાથે જોડાયેલા વિદ્યાર્થીઓ જળસંચય અભિયાનને પ્રોત્સાહીત કરવા માટે કામે લાગશે. જેમાં જિલ્લાની ૨૦ પૈકી પ્રત્યેક શાળાના ૫૦ મળીને કુલ ૧ હજાર જેટલા વિદ્યાર્થીઓ જળસંચયના અભિયાન અન્વયે જનજાગૃતિ કેળવવા માટે દહેગામ, કલોલ, માણસા તેમજ પેથાપુર નગરપાલિકા વિસ્તારમાં ફરશે. આગામી ૨૦ દિવસ દરમિયાન આ વિદ્યાર્થીઓની ટીમ આ વિસ્તારમાં ફરીને જળસંચયને આવરી લેતી બાબતો અંગે સ્થાનિકોને સમજ આપશે. જેમાં પાણી વહી જતુ અટકાવવા ઉપરાંત પાણીનો બગાડ દુર કરવા તેમજ વપરાયેલા પાણીનો ઉપયોગ કરવા સહીતની બાબત અંગે સ્થાનિકોને સમજ આપવામાં આવશે આ વિસ્તારમાં વિદ્યાર્થીઓ જળસંચયની જરૂરી બાબતો અંગે સ્થાનિક રહીશોને સમજણ પુરી પાડી જળ એ જ જીવનના અભિગમને સાર્થક કરવા માટે પાણીનો બગાડ ન થાય તે અંગે માહીતગાર કરશે.

# છ-માર્ગ અને માર્ગ નં.૭નું સુધારણાનુ કામ હાથ ધરાયુ

**‘ઘ’ અને ‘ચ’ માર્ગનુ પણ રીસરફેસીંગ કરાશે : વરસાદી દિવસો પુર્વે મુખ્યમાર્ગોનુ કામ પણ પુર્ણ કરી દેવાશે**

ગાંધીનગર તા ૨૧

શહેરના છ માર્ગ તેમજ રોડ ક થી ચ માર્ગને જોડતા રોડ નં-૭ ના રીસરફેસીંગનુ કામ હાથ ધરાયુ છે. આગામી વરસાદી દિવસો પુર્વે શહેરના મુખ્ય ઘ અને ચ માર્ગનુ કામ પણ પુર્ણ કરી દેવાશે. જયારે નવા સેકટરોમાં બાકી આંતરિક માર્ગોની સુધારણાનુ કામ ચોમાસા બાદ શરૂ કરવામાં આવશે.

ગાંધીનગરમાં માર્ગોની સુધારણા પાછળ નિયત સમયના અંતે કામ હાથ ધરવામાં આવે છે. શહેરનુ રોડ નેટવર્ક પણ વિશાળ હોવાથી માર્ગોની દશા સુધારવા માટે કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવે છે. શહેરમાં નવા સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ ગત દિવસોમાં જ પુર્ણ કરવામાં આવ્યુ છે.જયારે બાકી રહેતા સેકટરોમાં પણ આગામી ચોમાસાના અંતે કામગીરી હાથ ધરાશે. આ ઉપરાંત નગરના મુખ્ય ઘ અને ચ માર્ગના રીસરફેસીંગની કામગીરી પણ મંજુર કરી દેવામાં આવી છે. ટુંકમા જ આ બન્ને માર્ગોની સુધારણાનુ કામ પણ શરૂ કરી દેવાશે. જયારે હાલ નગરના છ માર્ગ તેમજ રોડ નં-૭ નુ કામ ચાલી રહયુ છે. આ માર્ગના રીસરફેસીંગનુ કામ શરૂ કરી દેવાયુ છ. જયારે આ સાથે નગરના મુખ્ય બે માર્ગોની કામગીરી પણ હાથ ધરાશે. નગરના જુના સેકટરોમાં હજુ માર્ગોની સુધારણાની કામગીરી બાકી છે. જયારે આ મામલે લાંબા સમયથી કરવામાં આવેલી દરખાસ્ત પણ વિભાગ કક્ષાએ પેન્ડીંગ છે. જયારે જુના સેકટરોમાં માર્ગ સુધારણાના કામને મંજુરી આપવામાં આવે તેવી માંગ પણ પ્રબળ બની છે. વરસાદી દિવસો પુર્વે નગરના છ માર્ગ તેમજ રોડ નં -૭ અને મુખ્ય ઘ અને ચ માર્ગનુ કામ પણ પુર્ણ કરી દેવામાં આવશે.

# ધારાસભ્યોને વિસ્તાર વિકાસની ગ્રાન્ટ પેટે વર્ષે દોઢ કરોડ મળશે

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત સરકારે ધારાસભ્યોને વિસ્તાર વિકાસની અપાતી ગ્રાન્ટમાં રૂ. ૫૦ લાખનો વધારો કરી અને તે દોઢ કરોડ કરવાનો નિર્ણય કર્યો છે.

રાજયના સામાન્ય વહીવટ વિભાગે આ અંગેના વિધિવત્ હુકમો પણ જારી કરી દીધા છે.

વિકેન્દ્રીત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ ધારાસભ્યોને પોતાના મત વિસ્તારમાં સ્થાનિક અગત્ય ધરાવતા સામુહિક વિકાસના ખૂટતા કડીરૂપ નાના-નાના કામો સૂચવીને હાથ ધરી શકે તે માટે ૧૯૮૯-૯૦માં આ યોજના અમલમાં મુકાઈ હતી.

૨૦૧૪-૧૫માં સરકારે સુધારો કરી આ રકમમાં વધારો કરી રૂ. ૫૦ લાખની ગ્રાન્ટમાં વધારો કરી ૧ કરોડ ફાળવવાનો નિર્ણય કર્યો હતો.

આમ ચાર વર્ષના ટુંકાગાળા બાદ ધારાસભ્યોએ કરેલી ઉગ્ર રજુઆત પછી વિચારણાને અંતે આ રકમ દોઢ કરોડ કરવાનો નિર્ણય કરી તે અંગેના હુકમો આજે જારી કર્યા છે.

૨૦૧૮-૧૯ના નાણાંકીય વર્ષથી આનો અમલ કરવાનો રહેશે તેવી સ્પષ્ટતા પરિપત્રમાં કરવામાં આવી છે. આને કારણે સ્થાનિક વિસ્તારોમાં વિકાસના કામોને વધુ વેગ મળશે. જોકે સરકારે ધારાસભ્યોને ફાળવણી માટે ગ્રાન્ટની રકમ વધારી છે હવે તેની માર્ગદર્શિકામાં સુધારો કરવા અંગે સભ્યો દબાણ કરી રહ્યા છે.

૨૦૧૮-૧૯ના નાણાંકીય વર્ષથી આનો અમલ કરવાનો રહેશે તેવી સ્પષ્ટતા પરિપત્રમાં કરવામાં આવી છે. આને કારણે સ્થાનિક વિસ્તારોમાં વિકાસના કામોને વધુ વેગ મળશે. જો કે સરકારે ધારાસભ્યોને ફાળવણી માટે ગ્રાન્ટની રકમ વધારી છે હવે તેની માર્ગદર્શિકામાં સુધારો કરવા અંગે સભ્યો દબાણ કરી રહ્યા છે.

ધારાસભ્યો દ્વારા આ અંગે ટુંકમાં જ સર્વપક્ષીય રજુઆતો કરવામાં આવનાર હોવાનું પાટનગરના રાજકીય વર્તુળોમાંથી જાણવા મળેલ છે. જેમાં ખાસ કરીને બક્ષીપંચની વધુ વસ્તી ધરાવતા ગામો અને આર્થિક રીતે નબળી પંચાયતોમાં લોકફાળાની રકમ માફ કરવા સહિતના મુદ્દાઓનો સમાવેશ થતો હોવાનુ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

# આરટીઈ અન્વયે જિલ્લામાંથી ૨૩૭૭ વિદ્યાર્થીઓના પ્રવેશ માન્ય રખાયા

**ચારેય તાલુકામાંથી ૭૭૨ વિદ્યાર્થીઓ પ્રતિક્ષા યાદીમાં : પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ આગામી ૨૬મેં સુધીમાં પ્રક્રીયા પુર્ણ કરવાની રહેશે**

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગર જિલ્લામાં આર ટી ઈ હેઠળ નોન ગ્રાન્ટેડ શાળાઓમાં ધોરણ - ૧ માં પ્રવેશ માટે કુલ ૩૧૪૯ અરજીઓ આવી હતી. જેમાંથી પ્રથમ રાઉન્ડના અંતે ૨૩૭૭ વિદ્યાર્થીઓના પ્રવેશ માન્ય કરવામાં આવ્યા છે. જયારે ૭૭૨ વિદ્યાર્થીઓ પ્રતિક્ષા યાદીમાં છે. ગત વર્ષ કરતા આર ટી ઈ હેઠળ પ્રવેશના મામેલ ૬૦ ટકા જેટલી અરજીઓ વધુ મળી છે. જુન વર્ષ ૨૦૧૮ થી શરૂ થનારા નવા વર્ષમાં આર ટી ઈ હેઠળ પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓએ આગામી તા ૨૬ મેં સુધીમાં શાળાનો સંપર્ક કરી પ્રવેશ મેળવી લેવા પણ શિક્ષણતંત્રએ જણાંવ્યુ છે.

ગાંધીનગર જિલ્લામાં આર ટી ઈ હેઠળ પ્રવેશ મેળવવા માટે જુન ૨૦૧૮ ને અનુલક્ષી કુલ ૩૧૪૯ અરજીઓ મળી હતી. જેમાં દહેગામ બ્લોકમાં ૪૩૦, ગાંધીનગર બ્લોકમાં ૧૨૮૯ કલોલમાંથી ૧૦૪૨ અને માણસા૩૯૮ અરજીઓ મળી છે. જયારે આ મળેલી અરજીઓ પૈકી દહેગામમાં ૨૨૪, ગાંધીનગરમાં ૧૨૪૭ , કલોલમાં ૬૨૧, અને માણસામાં ૨૮૫ મળી કુલ ૨૩૭૭ વિદ્યાર્થીઓની અરજી પ્રથમ રાઉન્ડમાં માન્ય કરીને પ્રવેશ આપવામાં આવ્યો છે. જયારે ચારેય તાલુકામાંથી કુલ ૭૭૨ વિદ્યાર્થીઓ પ્રતિક્ષા યાદીમાં છે. આર ટી ઈ યોજના અન્વયે સંબંધિત વિદ્યાર્થીઓને એસ એમ એસ દ્વારા પણ પ્રવેશ અંગે જાણ કરવામાં આવી રહી છે. પ્રવેશ મેળવેલ શાળાઓમાં એડમીટકાર્ડ દર્શાવેલ જરૂરી આધાર પુરાવાઓ શાળાઓને આપવાના રહેશે તેમ પણ શિક્ષણતંત્રએ જણાંવ્યુ છે. આ ઉપરાંત શાળાએ આર ટી ઈના પોર્ટલ પર જઈ પોતાના આઈ ડી પાસવર્ડથી લોગીન કરી પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીનુ એડમીશન કન્ફર્મ કરવાનુ રહેશે. જયારે જરૂરી આધાર પુરવાઓ પણ વેબસાઈટ પર અપલોડ કરવાના રહેશે. જયારે પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ તા ૨૬ મે સુધીમાં શાળાનો સંપર્ક કરી જરૂરી પ્રક્રીયા પુર્ણ કરવાની રહેશે અન્યથા વિદ્યાર્થીનો પ્રવેશ રદ થાય તેવા કીસ્સામાં પ્રતિક્ષા યાદીમાંથી વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.




રક્તદાન દ્વારા શ્રદ્ધાંજલિ - પૂર્વ પ્રધાનમંત્રી રાજીવ ગાંધીની પૂણ્યતિથિ નિમિત્તે શહેર-જિલ્લા કોંગ્રેસના કાર્યકરો દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો હતો... કાર્યક્રમના પ્રારંભે અગ્રણીઓએ પુષ્પાંજલિ આપી હતી....

# પ્રધાનમંત્રી માતૃવંદના યોજનામાં રાજયમાં માત્ર ૫૦ ટકા કામગીરી

**નબળા દેખાવથી ચોંકેલી સરકાર, કેન્દ્ર સરકારની ફ્લેગશીપ યોજનાઓમાં તંત્રનું ઉદાસીન વલણ**

ગાંધીનગર, તા. ૨૧

પ્રધાનમંત્રી દ્વારા લાગુ કરાયેલ ફ્લેગશીપ પ્રજાકલ્યાણકારી યોજનાઓમાં ગુજરાત ઉણુ ઉતરતાં સરકારની ચિંતામાં વધારો થયો છે.

બીમા યોજના બાદ હવે પ્રધાનમંત્રી માતૃવંદના યોજનાના અમલીકરણમાં પણ નબળી કામગીરીના દેખાવથી સરકાર ચોંકી ઉઠી છે.

૧-૧-૧૭થી અમલમાં મુકાયેલ આ યોજનામાં અત્યાર સુધીમાં માત્ર ૫૦ ટકા જેટલી જ કામગીરી થઈ હોવાનું બહાર આવ્યુ છે. કેટલાક જિલ્લાઓમાં તો આ યોજનાને લઈ જે ડેટા એન્ટ્રી કરવાની હોય છે તે પણ થઈ નથી અને દિવસોના દિવસો સુધી ‘૦’ એન્ટ્રી જોવા મળી રહી છે.

મળતી વિગતો પ્રમાણે નીતિ આયોગ અને પીએમઓ દ્વારા આ યોજનાનું નિયમિત મોનીટરીંગ કરવામાં આવી રહ્યુ છે ત્યારે તંત્રની આવી ઉદાસીનતા સામે સરકારે લાલ આંખ કરી છે.

પ્રધાનમંત્રી માતૃવંદના યોજના અંતર્ગત, ૯૧,૮૭૩ના લક્ષ્યાંક સામે ૧,૪૧,૦૬૯ જ લાભાર્થી નોંધાયા હોવાનું અને ડેટા એન્ટ્રી થઈ હોવાનું જાણવા મળી રહેલ છે. રાજયના ઘણા બધા જિલ્લાઓમાં ૫૦ ટકાથી પણ ઓછી કામગીરી થઈ હોવાથી સરકારે આ મુદ્દે ગંભીર નોંધ લીધી છે.

પ્રથમ માસિક પુણ્યતિથિએ
ભાવાંજલિ



સ્વ. મહેન્દ્રકુમાર મહેતા
સ્વ. તા. ૨૨/૪/૨૦૧૮
મરણ અહિં છો રહ્યું,
સ્મરણમાં વહે જીંદગી...
સદ્દગતના આત્માને ચિરશાંતિ માટે
પરમાત્માને પ્રાર્થના....
ગાંધીનગર સમાચાર પરિવાર

જોઇએ છે
શ્રી સ્વામિનારાયણ વિદ્યાધામ સંચાલિત
શ્રી જય સોમનાથ હાઈસ્કૂલ, રંગપુર
માટે નીચે આપેલ લાયકાત ધરાવતા શિક્ષકો જોઇએ છે

| અ.નં. | લાયકાત | વિષય |
|---|---|---|
| ૧. | B.Sc / B.ed. (બી.એસ.સી. બી એડ્) | ગણિત / વિજ્ઞાન |
| ૨. | B.A / B.ed. (બી.એ. બી એડ્) | ૧. ગુજરાતી/હિન્દી/સામાજીક વિજ્ઞાન<br>૨. અંગ્રેજી / સંસ્કૃત |

ઉપરોક્ત લાયકાત ધરાવતા યોગ્ય ઉમેદવારોએ તમામ આધારો સાથે દિન - ૧૦માં નીચેના સરનામે અરજી કરવી (અરજીમાં મોબાઇલ નંબર અવશ્ય લખવો.)
જોઇએ છે
પ્રમુખશ્રી, શ્રી સ્વામિનારાયણ વિદ્યાધામ સંચાલિત, શ્રી જય સોમનાથ હાઈસ્કૂલ
મુ.પો. રંગપુર, તા. માણસા, જી. ગાંધીનગર, પીન - ૩૮૨૮૩૫ (ગુજ.)

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com